# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૮/૧૦/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા 'બાળકો પર થતી જાતીય સતામણીની અસરો અને સાવચેતીના પગલા' વિશે વેબિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડીઝ વીંગ દ્વારા બુધવારે, તા. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ 'બાળકો પર થતી જાતીય સતામણીની અસરો અને સાવચેતીના પગલા' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વક્તા તરીકે માસુમ ચિલ્ડ્રન હોસ્પિટલના ડિરેક્ટર ડો. કેતન ભરડવા તથા ડો. લતીકા શાહે બાળકોની સાથે બનતા જાતિય સતામણીના કિસ્સાઓને ઘટાડવા માટે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. લતીકા શાહે જણાવ્યું હતું કે, સમાજમાં જાગૃતતા લાવવા માટે સુરત પોલીસની સાથે મળીને તેમની ટીમ દ્વારા અવેરનેસ પ્રોગ્રામ્સ કરવામાં આવ્યા હતા. એના માટે ટોપિકનું નામ 'મનન.... મૌન તોડવાનું' આપવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, બાળકો સાથે જાતિય સતામણીના કિસ્સા ગમે ત્યાં બની શકે છે. એના માટે વાલીઓ, શિક્ષકો અને સગા–સંબંધીઓએ પણ બાળકો પ્રત્યે કાળજી રાખવાની જરૂર છે. બાળકોને વિશ્વાસ આપવાની જરૂર હોય છે કે જેથી કરીને બાળક તેની સાથે બનેલી ઘટનાની વાલીને આસાનીથી જાણ કરી શકે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બાળકોને ચાર પ્રાઈવેટ પાર્ટ એટલે કે હોઠ, છાતીનો ભાગ, બે પગ વચ્ચેનો ભાગ અને પાછળના ભાગ વિશે વાલીએ સમજણ આપવી પડશે. કોઇ તેમની સાથે જાતિય સતામણી કરતું હોય ત્યારે 'ના'ની સાથે ચીસ પાડવાનું શીખવાડવું પડશે, જેથી કરીને બાળકને સમયસર મદદ મળી રહે. જાતિય સતામણીમાંથી બચવા માટે બાળકને ત્યાંથી ભાગી જવાનું તેમજ વાલીને ઘટનાની જાણ કરવા માટે બાળકોને શીખવાડવું જોઇએ.

તેમણે બાળકોને ગુડ ટચની સાથે બેડ ટચ વિશે પણ સમજણ આપવી પડશે. ચાર પ્રાઇવેટ પાર્ટને કોઇ ટચ કરે તો તેને બેડ ટચ કહેવામાં આવે છે. બાળકો સાથે સ્કૂલમાં શું થાય છે ? મિત્રો સાથે કેવું ચાલી રહયું છે ? વિગેરે બાબતની વાલીઓએ માહિતી રાખવી જોઇએ તેમ તેમણે જણાવ્યું હતું.

ડો. કેતન ભરડવાએ જણાવ્યું હતું કે, બાળકો સાથે જાતિય સતામણીના ૭૦થી ૯૦ ટકા કિસ્સા બહાર આવતા જ નથી. દસ ટકા જેટલા કિસ્સામાં જ રિપોર્ટીંગ થતું હોય છે. મોટા ભાગના કિસ્સામાં પરિચીત વ્યક્તિની જ સંડોવણી હોય છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. તેમણે કહયું કે, દર પાંચમાંથી એક બાળક અને દર સાતમાંથી એક બાળકીની ક્યારે ન ક્યારે જાતિય સતામણી થતી હોય છે. નેશનલ ક્રાઇમ બ્યુરોના આંકડા મુજબ ભારતમાં દર સાડા ત્રણ કલાકે એક બાળક સાથે ગંભીર જાતિય સતામણીની ઘટના બનતી હોય છે. તેમણે કહયું કે, જાતિય સતામણીનું પ્રમાણ ડિસેબલ બાળકોમાં વધારે જોવા મળે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બાળકને તેની ઉંમર કરતા મોટી વ્યકિત જાતિય પ્રવૃત્તિ કે જાતિય ભુખ સંતોષે કે આર્થિક ફાયદો ઉઠાવે છે તેને જાતિય સતામણી કહેવામાં આવે છે. બાળકની ઇચ્છા વગર તેને ભેટવું એ પણ જાતિય સતામણી કહેવામાં આવે છે. જાતિય સતામણીમાં સ્પર્શ અને બિન સ્પર્શ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે. જાતિય સતામણી સ્પર્શ કર્યા વગર પણ થતી હોય છે. જે બાળકો સાથે જાતિય સતામણી થઇ હોય એવા બાળકોના લક્ષણો વિશે તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે, બળાત્કાર સિવાયના મોટા ભાગના કિસ્સામાં જાતિય સતામણીના લક્ષણો દેખાતા નથી. કેટલાક કિસ્સામાં બાળકો તેમના વાલીઓને કહેતા નથી. જ્યારે કેટલાક કિસ્સામાં બાળકોને ધમકી આપવામાં આવે છે, આથી તેઓ વાલીઓને જાણ કરતા નથી.

ડો. ભરડવાએ વધુમાં કહયું કે, બાળકો સાથે બનેલી જાતિય સતામણીના કેટલાક કિસ્સામાં પરિવારની જ વ્યકિત ઘટનાને બહાર આવવા દેતા નથી. બાળક બીજા કોઇને કહી ન દે તે માટે બાળકને ગભરાવવામાં પણ આવે છે. જેને કારણે વર્ષો સુધી બાળકો સાથે જાતિય સતામણી થતી હોય છે. બાળક તેની સાથે બનેલી ઘટનાની જાણ કેવી રીતે કરે ? તેના વિશે તેમણે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે પોક્સો એક્ટ વિશે પણ માહિતી આપી હતી.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન પૂનમ દેસાઇએ સ્વાગત પ્રવચન કર્યું હતું. લેડીઝ વીંગના સેક્રેટરી નમ્રતા દેસાઇએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું. લેડીઝ વીંગના મેમ્બર મયુરી મેવાવાલા અને સ્વાતિ શેઠવાલાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. અંતે રોશની ટેલરે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.